
UGVCL

# આપણું યુજીવીસીએલ

અંક-૧૦, જૂન ૨૦૧૧




## સ્ટેશને સ્ટેશને વહેતો જ્ઞાનઊર્જાનો સ્રોત

૦૪
ખેડૂતોની આજીવિકાને ટેકો આપવા કોલંબિયા વોટર સેન્ટર અને યુજીવીસીએલની પહેલ

૦૬
ધારાસભ્યશ્રીઓ સાથેની બેઠકમાં ગ્રાહકોના પ્રશ્નોનો ઉકેલ શોધવાની પહેલ

૧૨
સાયન્સ એક્સપ્રેસ– વિજ્ઞાન અને ટેક્નોલોજીનું મોબાઈલ પ્રદર્શન

વર્ષ–૧ અંક–૧૦, જૂન ૨૦૧૧
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી એ. કે. વર્મા, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રી પી. જે. પટેલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી આર. જી. એન્જિનિયર, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી ડી. એમ. તિવારી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક
શ્રી ડી. સી. પરમાર, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી એસ. આર. પટેલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રીમતિ છાયાબેન દેસાઈ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી ડી. એસ. પટેલ, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
હિમાંશુ કીકાણી, www.aalekhan.com

## આ અંકમાં

પહેલ ........ ૦૪
ખેડૂતોની આજીવિકાને ટેકો આપવા કોલંબિયા વોટર સેન્ટર
અને યુજીવીસીએલ તરફથી પહેલ ........ ૦૪
અદાલતોમાં વિલંબિત કેસોના ઝડપી નિકાલ માટે
ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની સહાયતા ........ ૦૫
ધારાસભ્યશ્રીઓ સાથેની બેઠકમાં ગ્રાહકોના
પ્રશ્નોનો ઉકેલ શોધવાની પહેલ........ ૦૬
નિવૃત્તિ ........ ૦૭
૩૪ વર્ષની દીર્ઘ કારકિર્દીમાંથી સેવા નિવૃત્ત થતા
શ્રી આર. જી. એન્જિનિયર, મુખ્ય ઇજનેર........ ૦૭
રમત-ગમત ........ ૦૮
યુજીવીસીએલની ઇન્ટર સર્કલ વૉલીબૉલ ટુર્નામેન્ટ ........ ૦૮
ઇન્ટર સર્કલ ટેબલટેનિસ ટુર્નામેન્ટમાં શ્રી પી. પી. પ્રજાપતિ, હેલ્પર,
ઇન્ડસ્ટ્રીયલ સબ ડિવિઝન, મહેસાણા ચેમ્પિયન ........ ૧૦
ઇન્ટર સર્કલ બ્રીજ ટુર્નામેન્ટમાં મહેસાણા વિજયી ........ ૧૧
સમાચાર ........ ૧૨
સાયન્સ એક્સપ્રેસ-વિજ્ઞાન અને ટેક્નોલોજીનું મોબાઇલ પ્રદર્શન........ ૧૨
પાવર ન્યૂઝ ........ ૧૪
ફુકુશિમા ન્યુક્લીયર મેલ્ટડાઉનના બોધપાઠ ........ ૧૪
ભારત રીન્યુએબલ એનર્જી માટે જર્મનીનો સહયોગ ઇચ્છે છે ........ ૧૪
કાવ્યધારા........ ૧૫
પાવર પ્રેરણા........ ૧૬
આધુનિક દુનિયાના સર્જક – થોમસ એડિસન ........ ૧૬
ભારતના અનેક ગામોમાં પ્રકાશ ફેલાવવાનો પ્રયાસ........ ૧૭
પાવર કિડ્ઝ ........ ૧૮
માનવ શરીરમાં પણ વીજળી સુષુપ્ત અવસ્થામાં હોય છે ........ ૧૮



**ચાલો, સૌ સાથે મળી કરીએ ઊર્જાની બચત, આથી જ ઉજાળી શકીશું, આવનારી પેઢિના જીવનને સતત**

પ્રિય મિત્રો,

આપણે ઊર્જા પ્રદાન કરવા માટે અનેક કાર્યક્રમો કરીએ છીએ. સમાજના દરેક વર્ગને તેમાં સામેલ પણ કરીએ છીએ, જેમ કે બાળકોને ઊર્જા વિશે જ્ઞાન આપવા નિબંધ, ચિત્ર કે રમતગમત જેવા કાર્યક્રમો કરીએ છીએ. દરેકને ઊર્જા બચાવવા માટે જાગૃતિ કાર્યક્રમો કરવામાં પણ યુજીવીસીએલ પાછળ નથી રહેતું.

આપણે ઊર્જાના સમજપૂર્વકના ઉપયોગથી નાના ખેડૂતોની આવક વધારી શકાય તેવા પ્રયાસો પણ કરીએ છીએ. ખેડૂતો હોય કે સામાન્ય શહેરી ગ્રાહક, આપણે તેમની ફરિયાદો પણ સાંભળીએ છીએ. હાલમાં શરૂ કરેલા કાર્યક્રમ દ્વારા ધારાસભ્યો અને યુજીવીસીએલના અધિકારીઓ સાથે સીધા પ્રશ્નો અને તેના તરત જ ઉકેલ લાવવામાં સારી સફળતા મળી છે. આ જ રીતે આપણે સૌ મળીને સમાજના દરેક વર્ગના લોકો સાથે વાતચીત કરી તેમને જાગૃતિ કાર્યક્રમમાં સામેલ કરી, તેમની ફરિયાદોનો તરત જ નિકાલ લાવવાના પ્રયત્નો કરતાં રહીશું તો યુજીવીસીએલ અને સમાજના દરેક વર્ગો વચ્ચે એક પ્રકારનું સામંજસ્ય અને વિશ્વાસની લાગણી ઉત્પન્ન કરી શકીશું.

આ કાર્યક્રમ કર્યા પછી ખાસ કરીને મને લાગે છે કે યુજીવીસીએલના દરેક કર્મચારીઓ તેમના કાર્ય પ્રત્યે નિષ્ઠા તો રાખશે જ, પણ સતર્ક પણ રહેશે. એ રીતે, આપણે સમાજના દરેક વર્ગને ઊર્જા બચત કરવા અને આપણા અનેક કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લેવા માટે પ્રેરિત કરી શકીશું.

વધુમાં, સમગ્ર દેશમાં ટી એન્ડ ડી લોસ ઘટાડાની બાબતમાં યુજીવીસીએલએ વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન સાત ટકાથી નીચે પહોંચી એક સિદ્ધિ હાસેલ કરેલ છે. જેની હું ગૌરવભેર નોંધ લઈ આ કામગીરીને સંલગ્ન મારા તમામ કર્મચારીઓને ખુબ ખુબ ધન્યવાદ પાઠવું છું.

આમ જ આપ સૌના સહકારની અપેક્ષા સાથે,

±. A. äÜë આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# ખેડૂતોની આજીવિકાને ટેકો આપવા કોલંબિયા વોટર સેન્ટર અને યુજીવીસીએલ તરફથી પહેલ

ખેડૂતો માટે આજીવિકાનો મુખ્ય આધાર પાણી છે અને પાણી માટે મોટા ભાગે અનિવાર્ય છે વીજળી. ખાસ કરીને આપણી કંપનીના કાર્યક્ષેત્ર ઉત્તર ગુજરાતમાં ભૂગર્ભનાં પાણી વધુ ને વધુ ઊંડાં ઊતરી રહ્યાં હોવાથી ખેડૂતો માટે પાણી મેળવવું વધુ મુશ્કેલ અને ખર્ચાળ બની રહ્યું છે. આ સ્થિતિમાં ખેડૂતોની આજીવિકાને ટેકો આપવા માટે તથા વીજળી અને પાણીની મહત્તમ બચત માટે માર્ગદર્શન તથા પ્રોત્સાહન આપવા માટે ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા સતત પ્રયાસો કરવામાં આવે છે.

**પાણી અને વીજળીની બચત કરી ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે કોલંબિયા વોટર સેન્ટર અને યુજીવીસીએલ તરફથી તૈયાર કરેલી યોજનાના પાયલોટ પ્રોજેક્ટનું અમલીકરણ**

આ પ્રકારના એક વધુ પ્રયાસ તરીકે પાણી અને વીજળીની બચત કરી ખેડૂતની આવક જાળવી રાખવા કે વધારવા માટે એક પહેલ કરવામાં આવી છે. તેના એક ભાગરૂપે તારીખ ૦૪-૦૫-૨૦૧૧ના દિવસે કોલંબિયા વોટર સેન્ટર અને યુજીવીસીએલની સંયુક્ત ભાગીદારીમાં કુકરવાડા મુકામે એક વિશાળ વર્કશોપનું અયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં આશરે ૭૦૦ જેટલા ખેડૂતોએ ભાગ લીધો હતો. આ કેમ્પનું ઉદ્‌ઘાટન યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

કેમ્પમાં ખેડૂતોને ભૂગર્ભ જળની વિકટ પરિસ્થિતિ અંગે ચિંતન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ પાયલોટ પ્રોજેક્ટને ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ ખાતા તરફથી મંજૂરી મળી છે. આ પ્રોજેક્ટ માટે પાંચમી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટ-૨૦૧૧માં કોલંબિયા વોટર સેન્ટર/ યુજીવીસીએલ તથા પ્રિન્સિપલ સેક્રેટરી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા ત્રિપક્ષીય એમઓયુ કરવામાં આવ્યા હતા.

કેમ્પ દરમિયાન, કોલંબિયા વોટર સેન્ટર અને યુજીવીસીએલના અધિકારીઓએ આ સમગ્ર યોજનાની માહિતી જાહેર કરી હતી. આ યોજનામાં ભાગીદાર બનેલા ૮૫ મૂળ વીજગ્રાહકો તેમજ ટ્યૂબવેલોના ભાગીદારો અને ખેડૂત મિત્રોને તેમણે નિયત કરેલા વીજ વપરાશથી ઓછો વીજ વપરાશ કરી ઊર્જા અને બચત કરવાની રહેશે અને આ બચાવેલી વીજળીના પ્રત્યેક યુનિટ દીઠ વીજ કંપની રૂ.૨.૫૦ પૈસા લેખે





વાર્ષિક વીજ બિલમાં વળતર આપશે અને જેની મહત્તમ મર્યાદા વીજબીલની કુલ રકમ જેટલી રહેશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. આ કેમ્પમાં ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીના સલાહકાર ડૉ. એસ. રમણ, ગુજરાત સરદાર કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા તરફથી ડૉ. બી. એસ. દેવરા અને શ્રી એમ. એચ. પટેલ, બેબીકોર્ન ઉત્પાદનના નિષ્ણાત શ્રી અજય અવારે ઉપસ્થિત રહી ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

યુજીવીસીએલ તરફથી મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્મા, ચીફ એન્જિનિયર શ્રી પી. જે. પટેલ, વિશેષ મુખ્ય ઇજનેર શ્રી એ. સી. પટેલ, અધિક્ષક ઇજનેર શ્રી ડી. એમ. પટેલ તથા અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કોલંબિયા વોટર સેન્ટર તરફથી ડૉ. કપિલકુમાર નિરૂલા અને તેમની ટીમે ખુબ જ ઉત્સાહપૂર્વક સમગ્ર કેમ્પનું સંચાલન કર્યું હતું અને યોજના આગળ ધપાવવા ભગીરથ પ્રયાસ હાથ ધર્યા હતા.

સમગ્ર પાયલોટ પ્રોજેક્ટ એપ્રિલ ૨૦૧૧થી ખુલ્લો મૂકાયો છે જેની સમય મર્યાદા ૧ વર્ષની છે અને ત્યાર બાદ સમીક્ષા કરી વધુ ૨ વર્ષ વધારવાની જોગવાઇ કરવામાં આવી છે. ■

# અદાલતોમાં વિલંબિત કેસોના નિકાલ માટે ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની સહાયતા



યુજીવીસીએલના લોઅર કોર્ટમાં ચાલતા ૪૫૫૦ જેટલા સિવિલ કેસો વિવિધ સ્તરે પેન્ડિંગ છે જેના લીધે ભારે રકમની રેવન્યુ અટકી રહી છે.

આ કેસોનો જલ્દીથી નિકાલ લાવવાના હેતુથી ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી,ગાંધીનગરનો સહયોગ લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વિચાર મુજબ, સૌ પ્રથમ યુજીવીસીએલના કેસોમાં મદદ માટે લૉ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની સહાય લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

આ આયોજન મુજબ, લૉ યુનિવર્સિટીના કેટલાક વિદ્યાર્થીઓને મહિનાના દસ દિવસ આ કાર્ય માટે ફાળવવાના હતા. ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલ મહિનાની તારીખ ૭ થી ૧૭મી સુધી તેઓ આ એસાઇનમેન્ટનું કાર્ય હાથમાં લે તેવું નક્કી થયું. તેઓએ મર્યાદિત વિસ્તારનું કાર્ય હાથમાં લેવાનું હતું. આ આયોજનમાં જીએનએલયુ દ્વારા એક મહિનાના ૧૦ દિવસ લેખે ૧૦૫ વિદ્યાર્થીઓને કાર્ય સોપવાનું નક્કી કરવામાં આવ્યું. જેમાં ત્રણ ત્રણ માસના ફેઝ પ્રમાણે તેઓ કાર્ય કરશે જેમ કે ફેબ્રુઆરી ૨૦૧૧, માર્ચ ૨૦૧૧ અને એપ્રિલ ૨૦૧૧. પહેલા ફેઝમાં એટલે કે ફેબ્રુઆરીની તારીખ ૭ થી ૧૭ સુધી તેઓએ કાર્ય કર્યુ હતું.

જીયુવીએનએલના લીગલ એડવાઇઝરે કંપનીના લૉ ઓફિસર અને જીએનએલયુના પ્રોજેક્ટ કોઓર્ડિનેટરની સહમતીથી વિદ્યાર્થીઓને આપવાના કાર્યનો વિસ્તારપૂર્વક અભ્યાસ કર્યો છે જે તેમને નક્કી થયા પછી દરેકને જણાવવામાં આવ્યું હતું.

**ગાંધીનગરની ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના એસાઇનમેન્ટનો વિસ્તાર**

**૧. કોર્ટમાં ચાલતા કેસના વિવિધ તબક્કાઓને વેરિફાઇ કરી તારીખ અપડેટ કરાવવી** : વિદ્યાર્થીઓ વિવિધ ઓફિસો દ્વારા આપવામાં આવતી માહિતીના આધારે ગ્રાહક પર થયેલા કેસની જાણકારી લેશે. ઓફિસ દ્વારા આપેલી માહિતી કોર્ટના પ્રોસિજર પ્રમાણે એ જ રીતે ચાલે છે અને હકીકતમાં ક્યાં પહોંચી તે તેની જાણકારી લેવી. જો તેમાં કોઇ ફેરફાર હશે તો તેને અપડેટ કરી હાર્ડ કોપીમાં લખશે અને આવશ્યક ફેરફારો કરશે તેમ જ ઘટતી માહિતી વિશે ફિલ્ડ ઓફિસર તેને અપડેટ કરાવ્યું હતું.

**૨. ડિસમિસ્ડ ફોર ડીફોલ્ટ કેસીસ : ડી. ડી. કેસીસ :** એવા અનેક કેસો હશે જે - ડિસમિસ ફોર ડીફોલ્ટ - થયા હશે. વિદ્યાર્થીઓ આ પ્રકારના કેસો કઢાવશે અને ઇલેક્ટ્રિસિટી એક્ટ ૨૦૦૩ અંતર્ગત અને દરેક ઓફિસોમાં આ પ્રકારના કેસો ઉત્પન્ન થતાં હશે તેની એક સૂચિ બનાવી હતી.

**૩. સમન્સ સ્ટેજ પર પેન્ડિંગ કેસ :** વિદ્યાર્થીઓની ટીમ સમન્સ વાળા કેસ કાઢશે અને તેની સૂચિ બનાવશે. તે ક્યાં સુધી પહોંચીને અટક્યાં છે તે વિશે અભ્યાસ કર્યો હતો. સમન્સના વિવિધ સ્ટેજીસ હશે તે શા માટે અટક્યા છે તે જાણવા જેમ કે સરનામું ખોટું છે/સરનામું અધુરું છે/વ્યક્તિનું મૃત્યુ થયું છે/ સમન્સ આપવા જાય તે સમયે વ્યક્તિ ઉપલબ્ધ ન હોય/ખોટાં નામ લખ્યાં હોય. આ પ્રકારના કેસોમાં તેઓ નવેસરથી સમન્સ કઢાવવા માટે અરજીપત્રક ભરો અને આ પ્રકારના કેસોની એક સૂચિ બનાવી હતી જે ફિલ્ડ ઓફિસરોને મોકલવામાં આવી હતી.

**૪. પેન્ડિંગ કેસીસ એટ ઇસ્યુ સ્ટેજઃ** (૧) તેઓ ફાઇલનો અભ્યાસ કરશે અને ફેંસલો લાવવા માટેનો મુદ્દો ઉઠ્યો છે કે નહીં. (૨) જો મુદ્દાને આધાર આપવાની જરૂર હશે તો તેઓ આધાર આપવામાં તેઓ લોકલ એડવોકેટની પેનલ, લોકલ ફિલ્ડ કર્મચારીઓ અને કોર્ટના સ્ટાફ સાથે મળીને મદદ કરી હતી.

**જીએનએલયુના વિદ્યાર્થીઓને યુજીવીસીએલના કેસ નિકાલ માટે તૈયાર કરેલી શરતો અને નિયમો**

- **કોર્ટ કેસીસના વિવિધ તબક્કાઓના વેરિફિકેશનનું અપડેશન :** ઓફિસ તરફથી મળેલી માહિતી જેના દ્વારા ગ્રાહકો વિરુદ્ધ થયેલા કોર્ટ કેસો વિશેની જાણકારી હશે તેને વેરિફાય કર્યુ હતું. જો મળેલી માહિતી કરતાં કોર્ટ કેસની સ્થિતિમાં ફેરફાર હશે તો તેઓ તેને હાર્ડ કોપીમાં અપડેટ કર્યુ હતું. આવશ્યક ફેરફારો કરી અને તે ફિલ્ડ ઓફિસમાં પહોંચાડવામાં આવ્યું હતું.
- **ડિસ્મિસ્ડ ફોર ડીફોલ્ટ કેસીસ :** ડીડી કેસીસ-: કોર્ટમાં એવા કેસીસ હશે જેની ઉપર ડિસમિસ્ડ ફોર ડીફોલ્ટ એવું લખ્યું હશે. વિદ્યાર્થીઓ આ પ્રકારના કેસો કઢાવ્યા હતા અને ઇલેક્ટ્રિસિટી એક્ટ ૨૦૦૩ અંતર્ગત અને દરેક ઓફિસોમાં આ પ્રકારના




કેસો ઉત્પન્ન થતાં હશે તેની એક સૂચિ બનાવી હતી.

- **સમન્સને લીધે પેન્ડિંગ પડેલા કેસીસ :** બે વિદ્યાર્થીઓની ટીમ ફાઇલો કાઢી તેમાંથી સમન્સના લીધે આગળ ન વધેલા કેસોની ચોક્કસ સ્થિતિ જાણશે તે ક્યાં સુધી પહોંચીને અટક્યા છે તે વિશે અભ્યાસ કરશે. સમન્સના વિવિધ સ્ટેજીસ હશે તે શા માટે અટક્યા છે તે જાણવા જેમ કે સરનામું ખોટું છે/સરનામું અધુરું છે/વ્યક્તિનું મૃત્યુ થયું છે/સમન્સ આપવા જાય તે સમયે વ્યક્તિ ઉપલબ્ધ ન હોય/ખોટાં નામ લખ્યાં હોય. આ પ્રકારના કેસોમાં તેઓ નવેસરથી સમન્સ કઢાવવા માટે અરજીપત્રક ભરો અને આ પ્રકારના કેસોની એક સૂચિ બનાવી હતી જે ફિલ્ડ ઓફિસરોને મોકલવામાં આવી હતી.
- **પેન્ડિંગ કેસીસ એટ ઇસ્યુ સ્ટેજ :** તેઓ ફાઇલનો અભ્યાસ કરશે અને ફેંસલો લાવવા માટેનો મુદ્દો ઉઠ્યો છે કે નહીં.

– જો મુદ્દાને આધાર આપવાની જરૂર હશે તો તેઓ આધાર આપવામાં તેઓ લોકલ એડવોકેટની પેનલ, લોકલ ફિલ્ડ કર્મચારીઓ અને કોર્ટના સ્ટાફ સાથે મળીને મદદ કરી હતી. ■

---

# ધારાસભ્યશ્રીઓ સાથેની બેઠકમાં ગ્રાહકોના પ્રશ્નોનો ઉકેલ શોધવાની પહેલ

**યુજીવીસીએલની સર્વોત્તમ સેવા થકી ગ્રાહકોના અનેક પ્રશ્નો અને સમસ્યાઓનું રૂબરૂ નિરાકરણ લાવવા અનેક ધારાસભ્યશ્રીઓએ પોતાનો કિમતી સમય ફાળવ્યો અને યુજીવીસીએલે ગ્રાહકોને સંતોષ આપી શકે તેવા ઉત્તરો આપ્યા**

સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ આપી શકાય તેવા ઉદ્દેશ્યને પરિપૂર્ણ કરવાના હેતુસર ગ્રાહકો તથા પ્રજાના પ્રતિનિધિઓની વચ્ચે જઇને વીજ ક્ષેત્રને લગતા પ્રશ્નો, મુશ્કેલીઓ સમજવા તેમજ ઉત્તર ગુજરાત વીજ કંપની સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજ પૂરવઠો પૂરો પાડવા સમર્પિત છે તેથી એમની સાથે ગ્રાહકોનો પ્રતિસાદ મેળવવા સારૂ તારીખ ૨૫-૩-૧૧ના રોજ સાબરમતી વર્તુળ કચેરી ખાતે પ્રજાના પ્રતિનિધિઓ એવા ધારાસભ્યોની સાથે પરામર્શ બેઠક યોજવામાં આવેલ જેમાં સાબરમતી વર્તુળ કચેરીના તાબા હેઠળ આવેલ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્યશ્રીઓ પૈકી શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા, ઉપાધ્યક્ષ, રાજ્ય આયોજન પંચ, શ્રી બાબુભાઇ જમનાદાસ પટેલ, ધારાસભ્ય, માંડલ, શ્રી કમાભાઇ રાઠોડ, ધારાસભ્ય, વિરમગામ, શ્રી રણછોડભાઇ મેર, ધારાસભ્ય, ધંધુકા ઉપસ્થિત રહ્યા હતા જ્યારે ઉત્તર



ગુજરાત વીજ કંપની તરફથી વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી તથા તમામ વિભાગીય કચેરીઓના કાર્યપાલક ઇજનેરો હાજર રહ્યા હતા. હાજર રહેલા તમામ મહાનુભાવોનું વિશેષ મુખ્ય ઇજનેર શ્રી ડી. સી. પરમાર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગ્રાહકોના વ્યક્તિગત તેમજ સામુહિક વીજ વિતરણને લગતા પ્રશ્નો પૂછવામાં આવેલ જેના પ્રત્યુત્તરમાં શ્રી ડી. સી. પરમાર વિશેષ મુખ્ય ઇજનેર દ્વારા હકારાત્મક પ્રતિભાવ આપી પ્રશ્નોનો ઝડપી નિકાલ થાય તે દિશામાં પ્રતિસાદ આપેલ જેનાથી ઉપસ્થિત ધારાસભ્યોને સંતોષ મળેલ.

ધારાસભ્યો સાથેની મીટિંગ દરમિયાન ધારાસભ્યો દ્વારા બદલાતા સમય સાથે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની કામગીરીમાં નોંધપાત્ર સુધારો થયેલ હોવાનું પ્રતિપાદિત કરવામાં આવ્યું હતું. ભવિષ્યમાં આવા પ્રશ્નોના નિરાકરણ માટે નિયમિતપણે દર મહિનાના બીજા શનિવારે કલેક્ટર કચેરીમાં સંકલનની બેઠક બાદ અમદાવાદ જિલ્લાના ધારાસભ્યો સાથે સાબરમતી વર્તુળ કચેરીએ બેઠક યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ■

# ૩૪ વર્ષની દીર્ઘ કારકિર્દીમાંથી સેવા નિવૃત્ત થતા શ્રી આર. જી. એન્જીનીયર, મુખ્ય ઈજનેર

**વર્ષ ૧૯૭૭થી શરૂ થયેલી પોતાની કારકિર્દી દરમિયાન અનેક પાયદાનો પાર કરી અને યુજીવીસીએલના ઉચ્ચ પદે રહી અનેક સેવાઓ પ્રદાન કરી નિવૃત્ત થયેલ શ્રી આર. જી એન્જીનીયરને યુજીવીસીએલના અધિકારીઓ અને કર્મચારીઓ તરફથી ભાવભીની વિદાય**



તારીખ ૩૧-૫-૨૦૧૧ના રોજ કંપનીના મુખ્ય ઈજનેર શ્રી આર. જી. એન્જીનીયર ૩૪ વર્ષની દીર્ઘ કારકિર્દીમાંથી સેવા નિવૃત્ત થયેલ છે. આ અંગેના વિદાય સમારંભ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્માના અધ્યક્ષપદે એનર્જી નોલેજ સેન્ટર હોલ, રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે યોજવામાં આવેલ.

આ સમારંભમાં કંપનીના મુખ્ય ઈજનેર શ્રી પી. જે. પટેલ, જનરલ મેનેજર ફાઈનાન્સ શ્રી આર.બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોશી વિશેષ મુખ્ય ઈજનેર શ્રી સી. એલ શર્મા, શ્રી એ. સી. પટેલ, શ્રી સુરેશ શાહદાદપુરી, ઈન્ચાર્જ, વિશેષ મહાપ્રબંધક શ્રી ડી. એમ. તિવારી, કંપનીના ઉચ્ચ અધિકારીઓ તથા કર્મચારીઓએ વિશાળ સંખ્યામાં હાજરી આપી હતી.

શ્રી આર. જી એન્જીનીયરે તારીખ ૨૪-૧૦-૧૯૭૭ના રોજ જુનિયર ઈજનેર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી. ૧૯૮૮માં નાયબ ઈજનેર તરીકે વિજાપુર ખાતે બઢતી મેળવેલ. ત્યાર બાદ તલોદ, મોડાસા, પાલનપુર, વાંકાનાર, બાયડ ખાતે ફરજ બજાવી. તારીખ ૫-૭-૧૯૯૮ ના રોજ કાર્યપાલક ઈજનેર તરીકે કડાણા હાઈડ્રો પાવર સ્ટેશનમાં બઢતી મેળવેલ. કાર્યપાલક ઈજનેર તરીકે તેઓએ ઈડર અને મોડાસા વિભાગીય કચેરીમાં ફરજ બજાવી. તારીખ ૭-૯-૨૦૦૫ના રોજ અધિક્ષક ઈજનેર તરીકે મહેસાણા રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસમાં બઢતી મેળવેલ. ત્યાર બાદ વિશેષ મુખ્ય ઈજનેર તરીકે અને છેલ્લે મુખ્ય ઈજનેર તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયેલ છે. ■

## શ્રી આર. જી એન્જીનીયરના કાર્યકાળ દરમિયાનના સંસ્મરણો



આ પ્રસંગે શ્રી ડી . એમ. તિવારી વિશેષ મહાપ્રબંધક, વિશેષ મુખ્ય ઈજનેર શ્રી સી એલ શર્મા, શ્રી સુરેશ શાહદાદપુરી, મુખ્ય ઈજનેર શ્રી પી. જે. પટેલ, શ્રી આર જી એન્જીનીયર દ્વારા કંપનીને આપેલ સેવાઓને બિરદાવી હતી. તેમની સાથેના કાર્યકાળ દરમિયાનના સંસ્મરણોને વાગોળ્યા હતા. શ્રી આર. જી. એન્જીનીયર દ્વારા તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાત વિદ્યુત બોર્ડથી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડમાં તેમની સાથે ફરજ બજાવનાર હેલ્પરથી માંડીને મેનેજિંગ ડિરેક્ટર સુધીના તમામ કર્મચારીઓનો સાથ અને સહકાર આપવા બદલ હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ.

પ્રાસંગિક ઉદબોદ્ધનમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્માએ શ્રી આર. જી. એન્જીનીયર દ્વારા આપવામાં આવેલ સેવાઓને બિરદાવી હતી અને નીડર તેમજ સ્પષ્ટવક્તા અને બાહોશ અધિકારી તરીકે તેમને ઓળખાવ્યા હતા.

આ પ્રસંગે શ્રી આર. જી એન્જીનીયરનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ અને તેમના ભવિષ્યના જીવન અંગે સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. કંપનીના ઔદ્યોગિક સંબંધિત અધિકારી શ્રી એસ. વાય ડામોર દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેલ.



# યુજીવીસીએલની ઈન્ટર સર્કલ વૉલીબૉલ ટુર્નામેન્ટ

તારીખ ૨૨-૫-૨૦૧૧ ના રોજ ઊંઝા ખાતે, પાલનપુર સર્કલના યજમાનપદે છઠ્ઠી ઈન્ટરસર્કલ વૉલીબૉલ ટુર્નામેન્ટ યોજાઈ. ઉદઘાટન સમારંભમાં ઊંઝા નગરપાલિકાના કોર્પોરેટર્સ શ્રી બીપીનભાઈ પટેલ, શ્રી સંજયભાઈ પટેલ, શ્રી શૈલેષ પટેલ હાજર રહ્યા હતા. ઈનામ વિતરણ સમારંભમાં નગરપાલિકના પ્રમુખ શ્રી શીવમભાઈ રાવલ, શ્રી મહેશ ભાઈ પટેલ કોર્પોરેટર ઉપસ્થિત રહ્યા હતા. કોર્પોરેટ ઓફિસ તરફથી ઉદઘાટન અને સમાપનમાં શ્રી એસ. વાય. ડામોર, આઈઆરઓ એ હાજરી આપી હતી. સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન શ્રી કે. જે. પટેલ, ડે. સુપ્રિ. એકાઉન્ટ્સ પાલનપુર તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવેલ. વિજેતા ખેલાડીઓને ટ્રોફી અને ટીશર્ટ એનાયત કરવામાં આવ્યા હતા.

ટુર્નામેન્ટ બાદ કરવામાં આવેલ પસંદગીના આધારે સુરત ખાતે યોજાનારી ઈન્ટરકંપની વૉલીબૉલ ટુર્નામેન્ટ માટે યુજીવીસીએલની ટીમના સભ્યોના નામ નીચે મુજબ છે.







| ક્રમ | નામ /શ્રી | પદ | કાર્યસ્થળ |
|---|---|---|---|
| ૧ | વાય. એસ. રાવલ (કેપ્ટન) | જુનિયર એન્જિનિયર | રાધનપુર ડિવિઝનલ ઓફિસ |
| ૨ | ડી. જે. ફેરા | હેલ્પર | લાખણી સબ ડિવિઝન |
| ૩ | એમ. એલ. હિરાગર | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર (ટાઉન) સબ ડિવિઝન |
| ૪ | એસ.આર. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | સિદ્ધપુર ડિવિઝનલ ઓફિસ |
| ૫ | વી. એચ. અસારી | આસિસ્ટન્ટ સેક્રેટરી | હિંમતનગર સર્કલ ઓફિસ |
| ૬ | એચ. આર. નિનામા | હેલ્પર | હિંમતનગર (આર) સબ ડિવિઝન |
| ૭ | બી. જી. તરલ | હેલ્પર | તલોદ સબ ડિવિઝન |
| ૮ | એસ. ડી. ફનેજા | સિનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર આરએસઓ |
| ૯ | કે. જે. કલસ્વા | એએલએમ | મહેસાણા શહેર સબ ડિવિઝન |
| ૧૦ | એસ. વાય. ડામોર | આઈઆરઓ | આર એન્ડ સી, મહેસાણા |
| ૧૧ | આઈ. જે. ગામેતી | હેલ્પર | સતલાસણા સબ ડિવિઝન |
| ૧૨ | એ. ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | સાબરમતી સર્કલ ઓફિસ |

**સ્ટેન્ડ બાય ખેલાડીઓ**

| ક્રમ | નામ શ્રી | પદ | કાર્યસ્થળ |
|---|---|---|---|
| ૧ | એન. એસ. ડામોર | જુનિયર આસિસ્ટન્ટ | અંબાજી સબડિવિઝન |
| ૨ | એ. કે. ડામોર | જુનિયર આસિસ્ટન્ટ | ભિલોડા-૧ સબડિવિઝન |











### ચેમ્પિયન બનેલ પાલનપુરની ટીમ

| ક્રમ | નામ | પદ | કાર્યસ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી વાય. એસ. રાવલ | જુનિયર એન્જિનિયર (કેપ્ટન) | રાધનપુર ડિવિઝન ઓફિસ |
| ૨ | શ્રી ડી.જે. ફેરા | હેલ્પર | લાખણી સબ ડિવિઝન |
| ૩ | શ્રી એમ.એસ.હીરાગર | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર (ટી) સબ ડિવિઝન |
| ૪ | શ્રી કે.જે.પટેલ | ડી.વાય.એસ.એ. | પાલનપુર ડિવિઝનલ ઓફિસ – ૨ |
| ૫ | શ્રી એસ.આર.પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | સિદ્ધપુર ડિવિઝનલ ઓફિસ |
| ૬ | શ્રી એલ. એસ. ખરાડી | હેલ્પર | ઊંઝા સબ ડિવિઝન |
| ૭ | શ્રી વી.બી.બુબડિયા | હેલ્પર | પાલનપુર રુરલ સબ ડિવિઝન |
| ૮ | શ્રી એન.એસ. ડામોર | જુનિયર આસિસ્ટન્ટ | અમબાજી સબ ડિવિઝન |
| ૯ | શ્રી ડી.એસ. ફેરા | હેલ્પર | ઊંઝા સબ ડિવિઝન |
| ૧૦ | શ્રી જે.એ. ચૌહાણ | હેલ્પર | પાલનપુર રુરલ સબ ડિવિઝન |

### રનર્સ અપ બનેલ હિંમતનગરની ટીમ

| ક્રમ | નામ | પદ | કાર્યસ્થળ |
|---|---|---|---|
| ૧ | વી.એચ. અસારી | આસિસ્ટન્ટ સેક્રેટરી | હિંમતનગર સર્કલ ઓફિસ |
| ૨ | એચ.આર.નિનામા | હેલ્પર | હિંમતનગર રુરલ સબ ડિવિઝન |
| ૩ | બી.જી.તરાલ | હેલ્પર | તલોદ સબ ડિવિઝન |
| ૪ | એ.એસ. અસોડા | લાઇનમેન | હિંમતનગર (ટાઉન) સબ ડિવિઝન |
| ૫ | એ.કે. ડામોર | જુનિયર આસિસ્ટન્ટ | ભિલોડા -૧ સબ ડિવિઝન |
| ૬ | એ.એલ.ડામોર | જુનિયર આસિસ્ટન્ટ | ટીંટોઇ સબ ડિવિઝન |
| ૭ | એસ.ડી. ફનેજા | સિનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર આર. એસ. ઓ. |
| ૮ | એલ.ડી.પટેલ | સિનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર સર્કલ ઓફિસ |
| ૯ | એસ.કે.ડામોર | જુનિયર આસિસ્ટન્ટ | ટીંટોઇ, સબ ડિવિઝન |
| ૧૦ | એ. કે. વરસાત | હેલ્પર | ટીંટોઇ, સબ ડિવિઝન |

**સ્ટેન્ડ બાય ખેલાડીઓ**


| ક્રમ | નામ શ્રી | પદ | કાર્યસ્થળ |
|---|---|---|---|
| ૧ | આર.એસ.કટારા | ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ | હિંમતનગર સર્કલ ઓફિસ |
| ૨ | એમ.સી.કારિયા | જુનિયર આસિસ્ટન્ટ | ભિલોડા ડિવિઝન ઓફિસ |



# ઈન્ટર સર્કલ ટેબલટેનિસ ટુર્નામેન્ટમાં શ્રી પી. પી. પ્રજાપતિ, હેલ્પર, ઈન્ડસ્ટ્રીયલ સબ ડિવિઝન, મહેસાણા ચેમ્પિયન

તારીખ ૫-૬ જૂન ૨૦૦૧૧ના રોજ હિંમતનગર ખાતે સાબર સ્ટેડિયમ ખાતેના ટેબલ ટેનિસ હોલમાં યોજાયેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની ઈન્ટર સર્કલની ટેબલટેનિસ ટુર્નામેન્ટની અત્યંત રસાકસીભરી રમતને અંતે મહેસાણા ખાતે ઈન્ડસ્ટ્રીયલ સબ ડિવિઝનમાં હેલ્પર તરીકે ફરજ બજાવતા શ્રી પી.પી. પ્રજાપતિ સિંગલ્સ ચેમ્પિયન બનેલ છે જ્યારે રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસમાં અધિક્ષક ઈજનેર સિવિલ તરીકે ફરજ બજાવતા શ્રી પી. જે.ત્રિવેદી રનર અપ થયેલ છે જ્યારે ડબલ્સ ટુર્નામેન્ટમાં શ્રી પી. જે. ત્રિવેદી અધિક્ષક ઈજનેર તથા શ્રી નિલેશ પી. પટેલ, જુનિયર પ્રોગ્રામર રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ચેમ્પિયન થયેલ છે જ્યારે શ્રી પી.પી. પ્રજાપતિ હેલ્પર તથા શ્રી એમ એચ સોલંકી સિનિયર આસિસ્ટન્ટ, સર્કલ ઓફિસ, મહેસાણા રનર્સ અપ થયેલ છે.

| ઈન્ટર કંપની ટેબલટેનિસ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ યુજીવીસીએલની ટીમ | |
|---|---|
| ૧. | શ્રી પી.પી. પ્રજાપતિ, હેલ્પર, ઈન્ડસ્ટ્રીયલ સબ ડિવિઝન મહેસાણા |
| ૨. | શ્રી પી. જે.ત્રિવેદી, અધિક્ષક ઈજનેર, સિવિલ, રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ મહેસાણા |
| ૩. | શ્રી નિલેશ પી. પટેલ, જુનિયર પ્રોગ્રામર, રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ |
| ૪. | શ્રી એચ આર દવે, જુનિયર આસિસ્ટન્ટ, બોપલ ડિવિઝન |
| ૫. | શ્રી એમ.એલ હિરાગર, જુનિયર આસિસ્ટન્ટ, પાલનપુર સિટી સબ ડિવિઝન |
| સ્ટેન્ડ બાય પ્લેયર્સ | |
| ૧. | શ્રી જે. એમ. સૈયદ, સિનિયર આસિસ્ટન્ટ, પાલનપુર વિભાગીય કચેરી-૧ |
| ૨. | શ્રી. એમ.એમ. સૈયદ, સિનિયર આસિસ્ટન્ટ, પાલનપુર રુરલ સબ ડિવિઝન |



તારીખ ૮,૯,૧૦,૧૧ જુલાઇ ૨૦૧૧ના દરમિયાન પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ રાજકોટ દ્વારા યોજાનાર ઈન્ટર કંપની ટેબલટેનિસ






ટુર્નામેન્ટમાં નીચે જણાવેલ ખેલાડિયો ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડનું પ્રતિનિધિત્વ કરશે.

સદર ટુર્નામેન્ટના ઉદઘાટન સમારંભમાં શ્રી ડી. એમ તિવારી, ઇન્ચાર્જ વિશેષ મહપ્રબંધક તથા શ્રી પી. જે ત્રિવેદી અધિક્ષક ઇજનેર, (સિવિલ) કોર્પોરેટ ઓફિસ મહેસાણાએ હાજરી આપી ખેલાડીઓને પ્રોત્સાહન પુરું પાડ્યું.

ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ પૂર્ણ થયા બાદ વિજેતા ખેલાડીઓને ટ્રોફી તથા ટી શર્ટ આપવામાં આવેલ. હિંમતનગર વર્તુળ કચેરીના કર્મચારીઓ દ્વારા ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું. ■

# ઈન્ટર સર્કલ બ્રીજ ટુર્નામેન્ટમાં મહેસાણા કોર્પોરેટ ઓફિસની ટીમ વિજયી

તારીખ ૧૫-૫-૨૦૧૧ રોજ આસ્થા ભવન મહુડી ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપની મહેસાણા દ્વારા છઠ્ઠી ઈન્ટર સર્કલ બ્રીજ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં મહેસાણા, પાલનપુર, સાબરમતી વર્તુળ સર્કલ કચેરી અને કોર્પોરેટ ઓફિસ મહેસાણાના ખેલાડીઓએ ભાગ લીધેલ. ફાઇનલ કોર્પોરેટ ઓફિસ મહેસાણા અને મહેસાણા વર્તુળ કચેરીના ખેલાડીઓની વચ્ચે રમાયેલ જેમાં કોર્પોરેટ ઓફિસ મહેસાણાના ખેલાડીઓ ચેમ્પિયન બન્યા હતા અને મહેસાણા વર્તુળ કચેરીના ખેલાડીઓ રનર્સ અપ બન્યા હતા.

આ ટુર્નામેન્ટના આધારે ૧૭થી ૧૯ જૂન દરમિયાન, પીજીવીસીએલ, રાજકોટના યજમાનપદે, જૂનાગઢ ખાતે યોજાનારી, છઠ્ઠી ઈન્ટર કંપની બ્રીજ ટુર્નામેન્ટ માટે પસંદ થયેલા ખેલાડીઓની યાદી નીચે મુજબ છે.

| ક્રમાંક | નામ /શ્રી | પદ | કાર્યસ્થળ |
|---|---|---|---|
| ૧ | એ.પી.પટેલ | એ.પી.ઓ | આરએન્ડ સી મહેસાણા |
| ૨ | કે.એસ. સિંધી | નાયબ ઈજનેર | આરએન્ડ સી મહેસાણા |
| ૩ | સી. વી. જોશી | નાયબ ઈજનેર | આરએન્ડ સી મહેસાણા |
| ૪ | આર.એન.મોઢ | નાયબ ઈજનેર | સિદ્ધપુર સબ ડિવિઝન |
| ૫ | એ.આર. વખારિયા | નાયબ ઈજનેર | મહેસાણા ડિવિઝનલ ઓફિસ |
| ૬ | એ.કે.પટેલ | ટ્રેસર | સીઓ મહેસાણા |
| સ્ટેન્ડબાય ખેલાડીઓ | | | |
| ૧ | એમ.પી. શાક્યા | જુ. એન્જિનિયર | સીઓ સાબરમતી |
| ૨ | આર. એસ. મોઢ | જુનિયર આસિસ્ટન્ટ | મહેસાણા ડિવિઝનલ ઓફિસ |

## યુજીવીસીએલનું ગૌરવ



આ વર્ષે યુજીવીસીએલના ડેપ્યુટી એન્જિનિયર કોર્પોરેટ ઓફિસ મહેસાણા શ્રી કે.વી પટેલના પુત્ર હર્ષિલ કાંતિભાઇ પટેલે એસએસસીમાં ૯૪.૨ ટકા લાવીને યુજીવીસીએલનું ગૌરવ વધાર્યુ છે. ગૌરવ લેવા જેવી વાત એ પણ છે કે હર્ષિલે ગણિતમાં ૧૦૦માંથી ૧૦૦ માર્ક્સ અને સાયન્સ એન્ડ ટેક્નોલોજીમાં ૧૦૦ માંથી ૯૯ માર્ક્સ મેળવ્યા છે. હર્ષિલ અને તેના પરિવારને હાર્દિક અભિનંદન!

# સાયન્સ એક્સપ્રેસ–વિજ્ઞાન અને ટેક્નોલોજીનું મોબાઇલ પ્રદર્શન

જૂન ૩, ૨૦૧૧ ના રોજ સવારે ૧૦ કલાકે મહેસાણા રેલ્વે સ્ટેશન ખાતે ભારતભારમાં અત્યંત લોકપ્રિય બનેલી સાયન્સ એક્સપ્રેસનું આગમન થયું હતું. યુજીવીસીએલના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્મા દ્વારા રિબન કાપીને આ પ્રદર્શનને ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર શ્રી પી. જે. પટેલ, કંપની સચિવ શ્રી એન. એમ. જોષી, વિશેષ મુખ્ય ઇજનેર (વીજીલન્સ) શ્રી સી. એલ. શર્મા, વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ - આઇ.ટી.) શ્રી સુરેશ શાહદાદપુરી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક શ્રી ડી. એમ. તિવારી, મહેસાણા સર્કલ કચેરીના અધિક્ષક ઈજનેર






## પરિચય

સાયન્સ એક્સપ્રેસ એક વિજ્ઞાનનું અનોખું પ્રદર્શન ધરાવતી ૧૬ ડબ્બાની વાતાનુકૂલિત ટ્રેન છે. ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી માટે આ ટ્રેન ભારતીય રેલ દ્વારા ખાસ તૈયાર કરવામાં આવી છે. ટ્રેનમાં દર્શાવવામાં આવેલાં મોટા ભાગનાં પ્રદર્શનનું નિર્માણ જર્મનીની મેક્સ પ્લેન્ક સોસાયટી દ્વારા થયું છે.



## હેતુ

આ અદભૂત પ્રદર્શનનો મુખ્ય હેતુ આધુનિક વિજ્ઞાનને પ્રયોગશાળાની બહાર લઇ જઇ આપણા રોજિંદા જીવનમાં વિજ્ઞાનની અગત્યતા અંગેની ઉત્કૃષ્ટ માહિતી આપવાનો અને વિદ્યાર્થીઓ અને યુવાનોને વૈજ્ઞાનિક સંશોધન અંગે માહિતી પૂરી પાડી ઉચ્ચ અભ્યાસ અને વિજ્ઞાનના ક્ષેત્રે કારકીર્દિના ઘડતરમાં સચોટ દિશાસૂચન કરવાનો છે.






શ્રીમતી છાયાબેન દેસાઈ તેમ જ વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીગણ તથા કર્મચારીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રદર્શનને ખુલ્લું મુકતાં શ્રી વર્માએ જણાવ્યું હતું કે વિજ્ઞાન અને ટેકનોલોજીના આ પ્રકારનાં અદભૂત પ્રદર્શન શાળા અને કોલેજના વિદ્યાર્થીઓમાં ખૂબ નાની વયે વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે રસ પેદા કરે છે.

મહેસાણાની શાળા અને કોલેજોના ૮૦૦૦થી પણ વધારે વિદ્યાર્થીઓ તેમ જ વાલીઓ સહીત શહેરીજનોએ આ પ્રદર્શનને નિહાળ્યું હતું. આ પ્રદર્શન જોવા માટે મહેસાણા ખાતે કાર્યરત તમામ સરકારી કચેરીઓના કર્મચારીગણ તેમ જ તેમનાં બાળકોને પણ ખાસ આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું, જેનો ઉત્સાહભેર પ્રતિસાદ જોવા મળ્યો હતો.

“જોય ઓફ સાયન્સ” નામની એક વૈજ્ઞાનિક ઢબે સમજણ આપતી લેબોરેટરીએ બાળકોમાં ખાસ આકર્ષણ જમાવ્યું હતું.



## સાયન્સ એક્સપ્રેસની સફર

૩૦ ઓક્ટોબર ૨૦૦૭ના રોજ પ્રથમ વખત શરૂ થયેલી, ભારત અને જર્મનીના સંયુક્ત પ્રયાસથી બનેલી સાયન્સ એક્સપ્રેસે અત્યાર સુધીમાં ભારતભરના ૨૧૦થી વધુ સ્થળોની મુલાકાત લીધી છે જ્યાં તેને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. અત્યાર સુધીમાં ૬૨ લાખથી વધુ મુલાકાતીઓ આ દ્રશ્ય-શ્રાવ્ય પ્રદર્શનને માણી ચુક્યા છે.

## સાયન્સ એક્સપ્રેસ : ચોથું ચરણ

સાયન્સ એક્સપ્રેસના ચોથા ચરણની શરૂઆત ૪થી ડિસેમ્બર ૨૦૧૦ના રોજ ગાંધીનગર, ગુજરાતથી થઈ હતી. સાયન્સ એક્સપ્રેસ તેનો ચોથો તબક્કો ૧૬મી જૂન ૨૦૧૧ સુધીમાં સર કરશે. દરેક સ્થાને સાયન્સ એક્સપ્રેસ ત્રણથી ચાર દિવસ સુધી રોકાશે જ્યાં વિદ્યાર્થીઓ તેમ જ સામાન્ય જનતા તેની મુલાકાત લઈ શકશે.

## પ્રદર્શન

આકર્ષક સફેદ રંગની સાયન્સ એક્સપ્રેસના ૧૩ ડબ્બાઓમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીના અવનવા સંશોધનો દર્શાવતા ૩૦૦ વિશાળ દ્રશ્ય ચિત્રો, ૧૫૦ વિડિયો અને મલ્ટિમીડિયાનો સમાવેશ થાય છે. મોટાભાગના દ્રશ્ય-શ્રાવ્ય પ્રદર્શન તેમજ કાર્યરત નમૂનાઓ જર્મનીની મેક્સ પ્લેન્ક સોસાયટી દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે.

સાયન્સ એક્સપ્રેસના પ્રદર્શનમાં બ્રહ્માંડની ઉત્પત્તિ, નેનો કોસ્મોસ, જીવ સંરચના, જનીનથી જીવ, મનુષ્યનું મગજ, સંવેદનાઓનું વિશ્વ, ભવિષ્યનું પ્રૌદ્યોગિક વિજ્ઞાન, ક્લાઈમેટ ચેન્જ, વૈશ્વિક સમસ્યાઓ, પૃથ્વીપર સજીવ સંરક્ષણ, બ્રહ્માંડમાં આપણું અસ્તિત્વ, બ્રહ્માંડ, વિજ્ઞાનની મજા જેવાં અનેક આકર્ષણો છે.



# ફુકુશિમા ન્યુક્લીયર મેલ્ટડાઉનના બોધપાઠ

જાપાનના ફુકુશિમામાં ચાલતો ન્યુક્લીયર પાવર પ્લાન્ટ ધીરે ધીરે ઓગળી રહ્યો છે. મોટા પ્રમાણમાં કોર ઓગળવાની પ્રક્રિયા ચાલુ રહેશે તો તેમાંથી નીકળતા રેડિયોએક્ટિવ ફિઝન, (એક પ્રકારનો ગેસ) અને માઇક્રોડસ્ટ ઉપરાંત ડ્રોપલેટ્સ બહોળા વિસ્તારમાં ફેલાશે જે પવનની દિશા પ્રમાણે હશે. આ ઘટના સમગ્ર વિશ્વને ઘણા બોધપાઠ આપે છે.


**ભારત માટે બોધપાઠ**

ભારત ૧૮ જેટલાં હેવી વોટર રીએક્ટર્સ ધરાવે છે. નિષ્ણાતોના મતે આપણે ભૂતકાળની ભૂલોમાંથી બોધપાઠ લઈને તેની ડિઝાઇન બનાવવામાં નિપૂણતા કેળવવી જરૂરી છે. આ બાબત વધુ મહત્ત્વની



એટલા માટે છે કે હાલમાં ૭૦૦ મેગાવૉટનું યુનિટ બનાવવાની યોજના બની રહી છે. આપણી પાસે એવા એન્જિનિયરની ત્રણ પેઢી છે જેમને પીએચડબલ્યુઆર વિશે અનેક માહિતી છે.

જો આપણે વધુ ન્યુક્લીયર પાવર જોઇતો હોય તો પીએચડબલ્યુઆરના અનુભવને સઘન બનાવવો જોઇએ અને વધુ વિસ્તાર આપવો જોઇએ. આ માટે વધુ યુરેનિયમ બહારથી મગાવવું જોઇએ અને પીએચડબલ્યુઆર બનાવવા જોઇએ. એક વાર આપણે ૭૦૦ એમડબલ્યુઇ યુનિટ બનાવવાનો અનુભવ કેળવી લઇએ પછી ૧૦૦૦ એમડબલ્યુઇ પીએચડબલ્યુઆર બનાવી શકીશું. ■



# ભારત રીન્યુએબલ એનર્જી માટે જર્મનીનો સહયોગ ઈચ્છે છે



ભારતના ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી વિભાગના કેન્દ્રીય પ્રધાન શ્રી ફારુક અબ્દુલ્લાએ જર્મનીના રીન્યુએબલ એનર્જીના ક્ષેત્રમાં કરેલા પ્રયત્નોના વખાણ કર્યા અને તેમણે આ ક્ષેત્રમાં ભારત અને જર્મની સાથે મળીને એકબીજાના સહયોગથી આ ક્ષેત્રમાં કાર્ય કરે એવી ઇચ્છા પ્રગટ કરી છે.

આ વાત તેઓએ જર્મન પાર્લામેન્ટરી સ્ટેટ સેક્રેટરી ઇન ફેડરલ જર્મન મિનિસ્ટ્રી ઓફ એન્વાયરન્મેન્ટ, નેચરલ કંઝર્વેશન એન્ડ ન્યુક્લીયર સેફ્ટી, કેથરિના રેશ સાથે વાતચીતમાં કહી હતી. શ્રી અબ્દુલ્લાએ જર્મનીમાં દરેક ઘરના છાપરે સોલર એનર્જી સિસ્ટમ મૂકેલાં છે તે વિશે આનંદ વ્યક્ત કર્યો હતો. આ સાથે તેમણે ભારતના ગ્રામીણ વિસ્તારોમાં વીજળીની સમસ્યા તથા તેના ઉકેલમાં સૌરઊર્જાની ભૂમિકા વિશે પણ ચર્ચા કરી હતી.

બંને નેતાઓએ એકબીજાના રીન્યુએબલ એનર્જી માટેના પ્રયત્નોને પ્રશંસા કરી હતી અને જતાં જતાં રેશે ડૉ.અબ્દુલ્લાને જર્મનીમાં ઇન્ટર-સોલર ફોટોવોલ્ટાઇક ફેરમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું હતું. ■



## સંબંધનો પતંગ

મારા ઘરનું ગગન ભલે રહે ખાલી,
સંબંધનો પતંગ,
હું સાચવીને ઉતારી લઉં,
રખે ફાટી જાય.
ગેરસમજનો પવન
હવે ચડવા લાગ્યો છે.

## વૃક્ષ અને વીજ થાંભલો

વાવાઝોડું વિંઝાયું ને, હું વૃક્ષ પડયું ધરમૂળથી,
ને પડયું પાસે ઊભેલા વીજ થાંભલા પર.

વીજ થાંભલો ય તૂટયો,
કડડભુસ જમીન પર.

મારાં થડ ડાળ પાંદડા જમીનદોસ્ત,
વીજળીના વાયર બધા અસ્તવ્યસ્ત.

વીજળીવાળા તો આવ્યા તુરતમાં જ,
વીજ થાંભલો ઊભો કરી ગયા ચોવીસ કલાકમાં.

હું તો હજું એમ જ પડયું
ને લોકો કાપે છે ડાળ પાંદડા આમતેમ,
ને કરશે કદીક અગ્નિસંસ્કાર છૂટક છૂટક.

કોઈ આવો, નવો છોડ લાવી મનેય રોપો ફરી.
પણ થોડું આઘે રાખજો, વીજ થાંભલાથી.

ફરી આવું થાય તો થાંભલો તો બચી જાય,
કેમ કે એના વાયરમાંય જીવ અને જીવન છે.

## સ્મરણ

ખબર મોડી પડી, મૃગલી શી ચંચળ
એ ચાલી ગઈ ઉપવનેથી.

ના કંઇ કહી શકાયું,
ના કશું પૂછી શકાયું.

તસવીર પર ન ચડાવી શક્યો ફુલ પણ.
એમ તો ક્યાં હતું એવું કશું સગપણ.

હા હતું,
એક સ્મિતથી સ્મિત અપાયેલું
મન ટેરવે ગાલ ખંજન મપાયેલું.

ને નયનોએ વળીને ઉત્તર આપ્યાનું યાદ,
સ્મરણને ક્યાં અપાય કશું નામ?

## અવસર આવે...


જીવનની આજ સુધીની સફર,
ને પ્રેક્ષકની જેમ જોવાઇ જાય છે.
ક્યાંક નજર હજીએ ખોવાઇ જાય છે.

આશા કોક ફરી મળવાની,
આયખું આખું એમ જીવાઇ જાય છે.

વટેમાર્ગુને હોય હજુ વિસામો,
કોઈ મંજિલ નવી શોધાઇ જાય છે.

ઝડપભેર ભુતકાળ થઇ જતો સમય,
અવસર આવે ઇતિહાસ રચાઇ જાય છે.

**-ઘનશ્યામ પટેલ,**
નાયબ ઇજનેર,
વીજાપુર વિભાગીય કચેરી



# આધુનિક દુનિયાના સર્જક - થોમસ એડિસન

થોમસ આલ્વા એડિસનનો જન્મ ૧૧મી ફેબ્રુઆરી ૧૮૪૭ના રોજ થયો હતો. તેમનું જીવન દુનિયાની દરેક વ્યક્તિ માટે પ્રેરણારૂપ રહ્યું છે. તેઓ સામાન્ય મધ્યમવર્ગીય પરિવારમાં જનમ્યા હતા.


એડિસનને ૭ વર્ષની ઉંમરથી જ દરેક વસ્તુ કેવી રીતે કામ કરે છે તેની ઉત્કંઠા જાગી હતી. થોમસના શિક્ષક તેમના પ્રશ્નોથી થાકી જતા હતા. તેઓ કહેતા કે થોમસનું માથું અન્ય બાળકો કરતાં મોટું છે અને તે હાઈપર એક્ટિવ છે.

આખરે થાકીને થોમસના માતાએ તેમને સ્કૂલમાંથી ઉઠાડી દીધા અને ઘેર જ ભણવાની વ્યવસ્થા કરી. માતા માનતાં હતાં કે થોમસનું મોટું માથું તેમની બુદ્ધિમત્તાની નિશાની છે અને આ વાત ઈતિહાસે સાબિત કરી બતાવી. ૧૨ વર્ષની વયે તેમણે અખબાર, કેન્ડી, નાસ્તો વેચવાનું શરૂ કર્યું. ૧૪ વર્ષની વયે તેમણે પોતાનું અખબાર વીક્લી હેરાલ્ડ શરૂ કર્યું અને તેના ૩૦૦ સબસ્ક્રાઈબર્સ બનાવ્યા.

**સામાન્ય પરિવારમાં જન્મેલા થોમસે ઈલેક્ટ્રિક લાઈટ બલ્બની શોધ કરી આખી દુનિયાને પ્રકાશ પહોંચાડ્યો અને માનવીના જીવનને બદલી નાખ્યું. વાંચો આ પ્રતિભાશાળી વૈજ્ઞાનિક વિશે...**

એક વાર તાવ આવવાથી અને માથામાં ડાબી બાજુએ વાગવાથી તેમની સાંભળવાની શક્તિ જતી રહી. એડિસનને એક વાતનો અફસોસ હતો કે તેઓ પક્ષીઓનો કલરવ સાંભળી શકશે નહીં.

એક વાર તે ટ્રેનમાં જતા હતા. તેમણે સ્ટેશન માસ્તરના દીકરાને પાટા પર ચાલતો જોયો અને તેને બચાવી લીધો. સ્ટેશન માસ્તરે ખુશ થઈને તેને ટેલીગ્રાફ કરતાં અને મોર્સ કોડ શીખવ્યા. ૧૫ વર્ષના થયા ત્યાં સુધીમાં ટેલીગ્રાફ કરવામાં માસ્ટરી મેળવી લીધી અને ટેલીગ્રાફ ઓપરેટરની નોકરી લીધી. આ દરમિયાન ઓટોમેટીક રીપીટરની શોધ કરી. રીપીટર દ્વારા ટ્રાન્સમિટ થયેલા ટેલીગ્રાફ સિગ્નલને એવી રીતે મોકલવામાં આવતો કે તે વ્યક્તિને ટ્રાન્સલેટ થઈને મળે.




વર્ષ ૧૮૭૯માં જ્યારે ગ્રેહામ બેલે માનવ અવાજને ટ્રાન્સમિટ કરવાની શોધ કરી તો થોમસને થયું સત તે તેનાથી વધુ સારી શોધ કરશે અને છેવટે અપાર પ્રયત્નોના અંતે તેમણે ઈલેક્ટ્રિક લાઈટ બલ્બની શોધ કરી. આ શોધે માનવીના જીવનને જ બદલી નાખ્યું.

૧૯૦૪માં એડિસને કાઈનોટિસ્કોપ્ટની શોધ કરી. આ ઉપકરણ દ્વારા પ્રથમ સાઈલેન્ટ ફિલ્મ બનાવી શકાઈ. ત્યાર પછી ૧૦ મિનિટની ક્લિપમાં ઓડિયો મૂકી ટોકિંગ પિક્ચર્સ બનાવ્યાં અને ફિલ્મની દુનિયામાં હલચલ લાવી દીધી. તેઓ ધ વિઝાર્ડ ઓફ મેન્લો પાર્ક, ધ ગ્રેટેસ્ટ ઈન્વેન્ટર અને ધ ફાધર ઓફ ધ ઈલેક્ટ્રિકલ એજ જેવાં બિરૂદ પામ્યા હતા.

ઓક્ટોબર ૧૮ ૧૯૩૧ના રોજ થોમસ આલ્વા એડિસન અવસાન પામ્યા. તેમના મૃત્યુ પછી તેમના સમુદાયના લોકો, બિઝનેસ હાઉસ અને વ્યક્તિગત મિત્રોએ તેમના માનમાં વિશ્વમાં લાઈટ્સ બંધ કરી દીધી હતી. ■

# ભારતના અનેક ગામોમાં પ્રકાશ ફેલાવવાનો નવીન પ્રયાસ

આંધ્રપ્રદેશ અને કર્ણાટક રાજ્યોનાં ગામેગામમાં વીજળી પહોંચડાવાનો એક નવીન પ્રયાસ ચાલી રહ્યો છે, જેનું શ્રેય સેલ્કો નામની એક કંપનીને જાય છે. સેલ્કો કંપનીએ શરૂઆતમાં તો પોતાના સોલરથી ચાલતા ઉપકરણો વેપારી રીતે જ શરૂ કર્યા હતાં પરંતુ વર્ષ ૧૯૯૭માં સોલર ઇલેક્ટ્રિક લાઇટ ફન્ડ (એસઇએલએફ) લોંચને કરી ભારતની પાંચમી સૌથી મોટી બેંક સાથે આર્થિક રૂપે જોડાઇને સોલર લાઇટિંગ ને અનેક ગ્રાહકો સુધી પહોંચાડવાનું અભિયાન આદર્યુ.

સેલ્કોએ સૌ પ્રથમ ભારતમાં સોલર હોમ સિસ્ટમ (એસએચએસ) શરૂ કરી વર્લ્ડ બેંકની લોન લઇ કાર્યની શરૂઆત કરી. સેલ્કોએ તેની પ્રથમ સેવાઓ દક્ષિણ ભારતમાં શરૂ કરી. સેલ્કો પ્રથમ એક એવી કંપની છે જેણે સોલર ઇલેક્ટ્રિક લાઇટ કંપની તરીકે કામ શરૂ કરી ભારતમાં ગ્રામીણ વિસ્તારમાં તેનું માર્કેટિંગ શરૂ કર્યુ છે. પોતાના લોંચિંગની શરૂઆતમાં જ સેલ્કો કંપનીએ ૫૦૦ એસએચએસ ઇન્સ્ટોલ કરી દીધાં હતાં.

સેલ્કોએ ખાસ કરીને ગ્રામીણ ગ્રાહકોને તેમની જરૂરિયાત પ્રમાણે વિશ્વસનીય ઇલેક્ટ્રિક ઉપકરણો બનાવીને આપ્યાં. તેમની પ્રાથમિક પ્રોડક્ટમાં ૨૨ અને ૩૫ વૉટ સોલર હોમ સિસ્ટમ્સ શરૂ કર્યા છે, હવે તેઓ ૫૦ ડબલ્યુપીની સિસ્ટમ પણ ગ્રાહકોને આપશે. આટલી વીજળી લાંબા સમય સુધી ચાલતા બેથી છ કોમ્પેક્ટ ફ્લોરોસન્ટ લાઇટ્સ, રેડીયો, બ્લેક એન્ડ વ્હાઇટ ટીવી, નાનો પંખો ચાલી શકે તેટલી ક્ષમતા ધરાવે છે.

દરેક સેલ્કો એસએચએસ પીવીસી કન્ડ્યુઇટ, સ્વિચો અને વધારાની લાઇટ માટે વધારાના આઉટલેટ્સ આપે છે. સેલ્કો કંપનીએ તેના અનેક એસએચએસ માટેનાં સેન્ટર્સ ખોલ્યાં છે. વળી સમય સમય પર આ સાધનોની તપાસ અને જાળવણી કરવામાં આવે છે.

આખા આંધ્ર પ્રદેશ અને કર્ણાટકના ગ્રામીણ વિસ્તારોમાં સેલ્કોનું નામ તેની ગુણવત્તા માટે જાણીતું થઇ ગયું છે.

સેલ્કોએ આ વિસ્તારમાં પોતાનો પ્રભાવ વિસ્તાર્યો છે તેનું એક એ કારણ પણ છે કે જે ગ્રાહકને ઉપકરણ જોઇતું હોય તે કિંમતના ૨૫ ટકા માર્જિન મની ભરીને ઉપકરણ લઇ જઇ શકે અને સુવિધાજનક હપ્તા ભરી તેની બાકીની રકમ ભરપાઇ કરી શકે છે. આ માટે સેલ્કોએ ત્યાંની અનેક બેંકો સાથે એ રીતે ટાય-અપ કર્યુ છે.

સેલ્કોએ ભારતની અનેક બેંકો સાથે પોતાનો બિઝનેસ સાંકળ્યો છે અને ભારતની ૫મી સૌથી મોટી બેંક જેની ૧૫૦૦ બ્રાંચ દક્ષિણ ભારતમાં છે તેની સાથે પણ આ કાર્ય ચાલુ કર્યુ છે. આ ઉપરાંત વર્લ્ડ બેંક સિવાય ઇન્ડિયન રીન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ



એજન્સી (આઇઆરઇડીએ)ના કાર્યક્રમમાં પણ કંપની સંકળાઇ છે. આઇઆરઇડીએ દ્વારા મળનારા ફંડમાંથી સેલ્કો કંપનીએ એસએચએસ ફાઇનાન્સ કરી ખેડૂતોની સોસાયટી, સહકારી સંસ્થાઓને પણ મદદ પહોંચાડી છે.

ભારતમાં વીજળીની માંગ જોતાં આ કાર્ય ખરેખર ઉમદા લાગે છે. ભારતના દક્ષિણમાં આવેલા ચાર રાજ્યોમાં થઇને લગભગ એક કરોડ પરિવારો એવા છે જેમને હજુ વીજળી મળી શકી નથી. શહેરોમાં જ્યાં ૬-૧૦ કલાકનો વીજળી કાપ હોય છે ત્યાં ગ્રામીણ વિસ્તારોમાં આ કાપ લગભગ ૨૦ કલાકનો રહે છે. જેથી આ વિસ્તારોમાં વીજળી લેવા માટે જનરેટરોનો ઉપયોગ થાય છે. આમ વધુને વધુ લોકો સુધી પહોંચવા માટેનું સેલ્કો કંપનીએ લક્ષ્ય બનાવી દીધું છે. ■

## પાવર ક્વિઝ



૧. ઇલેક્ટ્રિક કરંટને પસાર થવા માટે કઇ સર્કિટમાં એકથી વધુ રસ્તા હોય છે ?

૨. ઇલેક્ટ્રિક કરંટ નિયમિત રીતે દિશા બદલ્યા કરે તેને કઇ રીતે ઓળખાય છે ?

૩. ઇલેક્ટ્રિક કરંટ માપવાનું યુનિટ કયું છે ?

૪. ઓએચએમના સિદ્ધાંત પ્રમાણે બે બિંદુ વચ્ચેના અવરોધ વધે છે ત્યારે કરંટ ..................

૫. જ્યારે ઇલેક્ટ્રિક કરંટ કંડક્ટર દ્વારા એક જ દિશામાં વહે છે તેને .................... કહે છે.

૬. સર્કિટમાં ઇલેક્ટ્રિક કરંટ માપવા માટે વપરાતા ઉપકરણને શું કહે છે ?

૭. કંડક્ટરના બે બિંદુઓ વચ્ચે ઇલેક્ટ્રિક કરંટ કયા કારણે વહે છે ?

૮. ઓએચએમના સિદ્ધાંત પ્રમાણે જો બે બિંદુઓ વચ્ચેનો પોટેન્શિયલ તફાવત વધે તો કરંટ ................ છે.

**ઉપરના પ્રશ્નો માટે નીચે આપેલી સૂચિમાંથી સાચા જવાબ શોધો.**

**ઘટે છે, સમાંતર, એમ્પીયર, વધે છે, ઓરેટરનેટિંગ કરંટ, પોટેન્શિયલ તફાવત, એમમીટર, ડાયરેક્ટ કરંટ**

**સાચા જવાબો**

(૧) સમાંતર, (૨) ઓરેટરનેટિંગ કરંટ (૩) એમ્પીયર (૪) ઘટે છે (૫) ડાયરેક્ટ કરંટ (૬) એમમીટર (૭) પોટેન્શિયલ તફાવત (૮) વધે છે

## કંડક્ટર્સ અને ઇન્સ્યુલેટર્સ

**કંડક્ટર્સ એવી વસ્તુ છે જે ઇલેક્ટ્રિક કરંટને પોતાનામાંથી વહેવા દે છે. ઇન્સ્યુલેટર એક એવું મટીરિયલ છે જે કરંટને પોતાનામાંથી પસાર થવા દેતું નથી. કેટલાક કંડક્ટર્સ છે તાંબુ, ચાંદી, સોનું, એલ્યુમિનમ, લોખંડ, સ્ટીલ, પારો, ગ્રેફાઇટ અને પાણી જેમાં ડીસોલ્વ મટીરિયલ હોય છે. ઇન્સ્યુલેટરના કેટલાંક ઉદાહરણ છે સ્ટાઇલોફોમ, કાગળ, સીરામિક, રબર અને કાચ.**



# માનવ શરીરમાં પણ વીજળી સુષુપ્ત અવસ્થામાં હોય છે

### ઇલેક્ટ્રિસિટી

ઇલેક્ટ્રિસિટી એક પ્રકારની ઊર્જા છે. તેમાં ઇલેક્ટ્રોન અને પ્રોટોન હલનચલન કરે છે. ઇલેક્ટ્રોન દ્વારા નેગેટિવ ઊર્જા મળે છે જ્યારે પ્રોટોન પોઝિટિવ ઊર્જા આપે છે. કંડક્ટરમાં રહેલા ઇલેક્ટ્રોન્સ નેગેટિવ ચાર્જ પોઇન્ટથી પોઝિટિવ ચાર્જ પોઇન્ટ તરફ જતાં હોય છે.

ઇલેક્ટ્રિસિટી વિશ્વમાં દરેક જગ્યાએ છે. આકાશમાં થતી વીજળી પણ વાદળો દ્વારા ઉત્પન્ન કરવામાં આવતી ઊર્જા (ઇલેક્ટ્રિસિટી) જ છે. એટલે સુધી કે માનવ શરીરમાં પણ વીજળી સુષુપ્ત અવસ્થામાં હોય છે જે કોશિકાઓમાંથી પસાર થાય છે. ઇલેક્ટ્રિસિટીને અન્ય પ્રકારની ઊર્જામાં પરિવર્તિત કરી શકાય છે જેમ કે ગરમી અથવા પ્રકાશ. તેના દ્વારા પ્રકાશ, ગરમી અને ઊર્જા મેળવી શકાય છે.

### ઇલેક્ટ્રિક કરંટ

ઇલેક્ટ્રિક કરંટ વાયરમાંથી પસાર થાતો ચાર્જ છે. ચાર્જ કંડક્ટરમાંથી પસાર થાય છે. તેથી ઇલેક્ટ્રિસિટી માત્ર કંડક્ટરમાંથી જ પસાર થાઇ શકે છે. ઇલેક્ટ્રિક કરંટના બે પ્રકાર હોય છે ડાયરેક્ટ કરંટ અને ઓલ્ટરનેટિંગ કરંટ. ડાયરેક્ટ કરંટ માત્ર એક જ દિશામાં વહે છે જ્યારે ઓલ્ટરનેટિંગ કરંટ ચોક્કસ અંતરાલમાં પોતાની દિશા બદલે છે.

### ઇલેક્ટ્રિક સર્કિટ

ઇલેક્ટ્રિક સર્કિટ એક રસ્તો છે જેના દ્વારા ઇલેક્ટ્રિક કરંટ વહે છે. સર્કિટ બે પ્રકારની હોય છેઃ સીરિયલ સર્કિટ અને પેરેલલ સર્કિટ. સીરિયલ સર્કિટમાં એવી સર્કિટ હોય છે જેમાં સર્કિટના દરેક ભાગ સીરિઝ સાથે જોડાયેલાં હોય છે. પેરેલલ સર્કિટમાં સર્કિટના દરેક ભાગ તેના પેટા વિભાગોમાં વહેંચાયેલા હોય છે.

### ઇલેક્ટ્રિસિટી ઉત્પન્ન કરવી

ઇલેક્ટ્રિસિટીને વિવિધ રસ્તાઓથી ઉત્પન્ન કરી શકાય છેઃ

- મીણને ઉન સાથે ઘસવાથી ઘર્ષણ દ્વારા ઇલેક્ટ્રિસિટી ઉત્પન્ન થાય છે.
- ઇલેક્ટ્રિસિટી રસાયણમાં થતા એક્શનથી પણ ઉત્પન્ન થાય છે જેમ કે સ્ટોરેજ બેટરીમાં.
- ઇલેક્ટ્રિક મોટર અથવા જનરેટરમાં ઇન્ડક્શન દ્વારા ઇલેક્ટ્રિસિટી ઉત્પન્ન થાય છે.





## ઈલેક્ટ્રિસિટીના પ્રકારો

ઈલેક્ટ્રિસિટીના બે પ્રકારો છેઃ સ્ટેટિક ઈલેક્ટ્રિસિટી અને કરંટ ઈલેક્ટ્રિસિટી. સ્ટેટિક ઈલેક્ટ્રિસિટી સ્થિર છે જ્યારે કરંટ ઈલેક્ટ્રિસિટીમાં હલનચલન છે. સ્ટેટિક ઈલેક્ટ્રિસિટી મટીરિયલની સપાટી પર હોય છે અને તે કરંટ ઈલેક્ટ્રિસિટીની જેમ વહેતો નથી. તે ત્યારે જ ઉત્પન્ન થાય છે જ્યારે બે અસમાન વસ્તુઓ એકબીજાના સંપર્કમાં આવી ઘર્ષણ ઉત્પન્ન કરે છે. બે મટીરિયલમાં ઘર્ષણ થવાથી એકમાંથી તેમાં રહેલા ઈલેક્ટ્રોન્સ બીજા મટીરિયલમાં પોતાની જાતે જમા થાય છે. લાઈટનિંગ સ્ટેટિક ઈલેક્ટ્રિસિટીનું એક ઉદાહરણ છે. કરંટ ઈલેક્ટ્રિસિટી વાયર અથવા સર્કિટ દ્વારા વહેતા ઈલેક્ટ્રિક પ્રવાહ દ્વારા ઉત્પન્ન થાય છે. કરંટ ઈલેક્ટ્રિસિટી સ્ટેટિક ઈલેક્ટ્રિસિટી કરતાં જુદી છે અને તે કંડક્ટર દ્વારા વહે છે.

## બેટરી દ્વારા ઈલેક્ટ્રિસિટી

બેટરી એ ઈલેક્ટ્રોકેમિકલ સેલ્સની બે અથવા તેથી વધુ સ્ટ્રિંગ છે. તે કેમિકલ એનર્જી સ્ટોર કરે છે અને ઈલેક્ટ્રિકલ ફોર્મ આપે છે. તે કેમિકલ રીએક્શનથી ઈલેક્ટ્રિસિટી ઉત્પન્ન કરે છે. તેમાં બે જુદા જુદા પ્રકારની ધાતુઓ હોય છે જે રસાયણ પ્રવાહમાં ડૂબાડેલાં હોય છે. બેટરીના દરેક અંતિમ છેડા આ મેટલથી જોડાયેલાં હોય છે. બેટરીમાં રહેલા ધાતુ અને રસાયણથી કેમિકલ રીએક્શન થાય છે અને તેમાંથી બંને ધાતુઓમાંથી ઈલેક્ટ્રોન છૂટાં પડે છે. જે ધાતુ ઈલેક્ટ્રોન્સ ઉત્પન્ન કરે છે તે નેગેટિવ ચાર્જ




ઉત્પન્ન કરે છે. બેટરીના બીજા છેડે પોઝિટિવ ચાર્જ ઉત્પન્ન થાય છે. જો વાયરને નેગેટિવથી પોઝિટિવ છેડા સુધી લગાવવામાં આવે તો ઈલેક્ટ્રોન્સ વાયરમાંથી વહેવા માંડે છે. આ પ્રમાણે બેટરીમાં ઈલેક્ટ્રિસિટી ઉત્પન્ન થાય છે.

## ઈલેક્ટ્રિસિટીને માપવી

ઈલેક્ટ્રિસિટીને એક યુનિટ દ્વારા માપવામાં આવે છે જેને વૉટ કહે છે. તેનું નામ જેમ્સ વૉટના નામથી પડ્યું જે એક સ્કોટિશ ઈન્વેન્ટર હતો. વૉટના સંદર્ભમાં જોઈએ તો એક વૉટ ઈલેક્ટ્રિસિટીનું સૌથી નાનું યુનિટ છે તેથી તેને વાપરવા માટે તેને કિલોવૉટમાં માપવી પડે છે. એક કિલોવૉટ બરાબર ૧૦૦૦ વૉટ્સ. કોઈપણ પાવર પ્લાન્ટ દ્વારા ઉત્પન્ન કરેલી ઈલેક્ટ્રિસિટીની માત્રાને કોઈ પાવરથી ચાલતા ઈલેક્ટ્રિકલ ઉપકરણની વપરાયેલી વીજળી માપવી હોય તો તેને કિલોવૉટ અવર્સ એટલે કે કેડબલ્યુએચનું માપ અપાય છે. એક કેડબલ્યુએચ બરાબર ૧૦૦૦ વૉટ એનર્જી જે એક કલાક માટે વપરાઈ હોય. ■

## ઈલેક્ટ્રિસિટી ઉત્પન્ન કરવી

**ઈલેક્ટ્રિસિટી પાવર પ્લાન્ટમાં જનરેટ કરી શકાય છે. આ પાવર પ્લાન્ટ્સમાં મોટાં ઈલેક્ટ્રિક જનરેટર્સ હોય છે જે કોલસા, કુદરતી ગેસ, તેલ, ન્યુક્લીઅર પાવર, હાઈડ્રો ઈલેક્ટ્રિક પાવર કે અન્ય કુદરતી સ્રોતોની મદદથી ચાલે છે. જે ઈલેક્ટ્રિસિટી ઉત્પન્ન થાય છે તે ઉદ્યોગોમાં, ખેતરોમાં અને ઘરોમાં વીજળી ઉત્પાદન માટે વપરાય છે.**



## અમે ઉજાળીએ આપનાં ઘર આંગણ
## આપ લઈ ચાલો જ્ઞાનનું અજવાળું આંગણ આંગણ



સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

# આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in